सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૧/૦૮/૨૦૨૨ | | |
| રજી.તારીખ | ૦૧/૦૮/૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| કુલ | 03 | 08 | 11 |

**આંક :- 54**

---

**ભુજના મ્હે. અધિક જયુડીશીયલ મેજી.ફ.ક સાહેબની અદાલતમાં,**
**ભુજ-કચ્છ.**

---

**ફો.કા.નં. ૨૨૦૦/૨૦૨૨**

**(નમુનો-અ)**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| ફોજદારી કેસ નંબર | ૨૨૦૦/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન/એફ.આઇ.આર | -- |
| ગુન્હો | **ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮** |

| | |
|---|---|
| ફરિયાદી | **હરજી કરશન ગોરસીયા તે સહજાનંદ વિજયના પ્રોપરાઇટર,**<br>ઉ.વ. પુખ્ત, ધંધો: વેપાર,<br>રહે: મીરજાપર, તા: ભુજ-કચ્છ. |
| **વિ.વ.શ્રી** | **શ્રી આર.એમ.ગઢવી** |
| આરોપી | **આનંદભાઇ જોષી તે વી ફોર યુ-ઇમ્પેક્ષના ઓથોરાઇઝ સીગ્રેટરી,**<br>રહે: દુરવાન્કુર બંગલો, ૧૪-એ,<br>રિઝન્સી એસ્ટેટ, ડોમ્બીવલી (ઇ),<br>મુંબઇ, મહારાષ્ટ્ર, પીન ૪૨૧ ૨૦૩ |
| **આરોપીના વિ.વ.શ્રી** | **જે.એચ.બારોટ** |

(નમુનો–બ)

| | |
|---|---|
| ગુનાની તારીખ | –– |
| ફરિયાદની તારીખ | તા.૦૧/૦૮/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | –– |
| ચાર્જફ્રેમની તારીખ | તા.૨૬/૦૪/૨૦૨૩ |
| પુરાવો શરુ થયાની તારીખ | –– |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | –– |
| ચુકાદાની તારીખ | ઉપર મુજબ |
| સજાનો હુકમ સાંભળ્યા તારીખ જો હોય તો | –– |

આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાતા કામે ભોગવેલ સજાનો સમયગાળો (બી.એન.એસ.એસ. કલમ ૪૬૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉપર મુજબ | –– | –– | ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ | એક વર્ષની કેદની સજા | –– | –– |

**<u>નમુનો–ક</u>**

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લિસ્ટ

(એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | ૦૪ | હરજી કરશન ગોરસીયાનું પુરાવાનું સોગંદનામું | ફરિયાદી |

(બી) બચાવ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ:–

| ક્રમ | આંક | સાહેદ નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|---|
| –– | –– | –– | –– | –– |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ:–

| ક્રમ | આંક | સાહેદ નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|---|
| –– | –– | –– | –– | –– |

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત
(એ) ફરિયાદ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:–

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૪૧ | અસલ ચેક |
| ૩ | ૪૨ | રીર્ટન મેમો |
| ૪ | ૪૩ | કાયદેસરની નોટિસ |
| ૫ | ૪૪ | રજી.એ.ડી.ની સ્લીપ |
| ૬ | ૪૫ | એકનોલેજમેન્ટ |

(બી) બચાવ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :–

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | –– | –– |

(સી) કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :–

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | –– | –– |

## –: ચુ કા દો :–

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી સેન્ટ્રીગનો માલ સામાન ભાડે આપવાનો વ્યવસાય કરે છે અને આરોપીએ તેમના ચાલતા કન્સ્ટ્રકશના કામ માટે સેન્ટ્રીગનો માલ સામાન ભાડે લીધેલ જેના પેટે રૂ.૫૧,૦૦,૭૪૨/– લેણી નીકળે છે તેમજ માલની કિંમત પેટે રૂ.૭,૪૪,૪૩૦/– એમ કુલ્લે રૂ.૫૮,૪૫,૧૭૨/– લેણા નીકળે છે જે રકમની માંગણી કરતા આરોપીએ રૂ.૧૦,૦૦,૦૦૦/– પુરાનો તા.૧૬/૦૬/૨૦૨૨ નો આઇ.સી.આઇ.સી.આઇ. બેન્ક ડોમ્બીવલી શાખાનો ચેક નં.૦૦૧૦૧૦ વાળો તેમની સહી વાળો ફરિયાદીને આપેલ. વધુમાં જણાવેલ છે કે, ફરિયાદીને હાલના આરોપીએ ઉપરોકત રીતે લખી આપેલ ચેકના નાણા મેળવવા ફરિયાદીએ બેંકમાં જમા કરાવતાં ''ફન્ડ ઈનસફીશીયન્ટ'ના શેરા સાથે ચુકવણુ થયા વગર પરત ફરેલ છે. આ કામના આરોપીનો ઉપરોકત શેરાથી પરત ફરતા ફરિયાદીએ લેણી રકમની વસુલાત માટે તેમના વકીલશ્રી મારફતે રજી. એડી. થી તા.૧૮/૦૬/૨૨ ના રોજ નોટીસ કરેલ જે નોટીસ બજીને પરત આવેલ છે. તેમ છતાં આરોપી દવારા નોટિસનો અમલ નહી કરતાં હાલની આ ફરિયાદ કરવાનુ કારણ ઉપસ્થિત થયેલ છે. વધુમાં

ફરીયાદીએ એવી વિનંતી કરેલ છે કે, ફરીયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદી સાથે આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદાની જોગવાઈઓનો ભંગ કરી ગુનાહીત કૃત્ય કરેલ હોઈ તેની વિરુધ્ધ સમન્સ કાઢી હાજર કરી સખત નસીયત કરવા હુકમ કરવા તેમજ સદર કાયદાની જોગવાઈઓ મુજબ ફરીયાદીને સખત સજા કરવા તથા ચેકની રકમ આરોપીને પરત કરવા તેમજ બીજીન્યાયની હર કોઈ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરતાં, ફરીયાદીની ફરિયાદ, સોગંદનામુ તથા દસ્તાવેજો ધ્યાને લઈ, અમારા પુરોગામી વિ. ન્યાયાધીશસાહેબશ્રીએ આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૨૦૪ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ, આરોપીને સમન્સની બજવણી થતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ. જેથી, ફરીયાદીએ રજૂ કરેલ ફરીયાદની નકલ તથા તમામ દસ્તાવેજો ક્રિમી. પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ આરોપીને પુરા પાડેલ હોવાની ખાત્રી કર્યા બાદ, સમન્સ ટ્રાયેબલ કેસની કાર્યવાહી મુજબ ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ ની કલમ–૨૫૧ મુજબ સદર કામનાં આરોપીની પ્લી લીધેલ છે. જેમાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલી. સદર કાયદો મુળભુત રીતે સમરી ટ્રાયેબલ છે પરંતુ પુરાવાઓની વિસ્તૃત ચર્ચા કરવાની હોય, અને ફરીયાદી તથા આરોપીના સાહેદની વિસ્તૃત થયેલ હોય તેવા કીસ્સામા સદર ટ્રાયલ સમરી રીતે ન ચલાવતા સમનસ ટ્રાયેબલ ચલાવેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) હાલનું કામ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ હોવા છતાં આરોપી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર ન થયેલ હોવાથી હાલનું કામ લાંબા સમય સુધી આરોપીની હાજરી સુનિશ્ચીત કરવા માટે વોરન્ટના સ્ટેજ પર રહેલ હોય તેમ છતાં આરોપીની હાજરી સુનીશ્ચીત ન થયેલ હોવાથી ફરિયાદ પક્ષ દવારા તા.૧૦/૦૭/૨૫ ના રોજ આંક–૪૮ થી આરોપીને ફરાર જાહેર કરતું સી.આર.પી.સી.ની કલમ ૮૨ મુજબનું જાહેરનામું બહાર પાડવા અરજી રજુ થતાં અત્રેની કોર્ટ દવારા સદરહુ અરજી મંજુર કરવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ કલમ ૮૨ ના મજકુરોને ધ્યાને રાખતા કલમ ૮૨ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનો હુકમ કરવામાં આવેલ હોવા છતાં આરોપીની હાજરી સુનિશ્ચીત થવા પામેલ ન હોય ફરિયાદ પક્ષ દવારા આંક–૫૨ થી આરોપીનો વિશેષ

નિવેદનનો હકક જતો કરવા સબબ અરજી રજુ થતાં અત્રેની કોર્ટ દવારા સદરહુ અરજી તળે વિગતવાર હુકમ કર્યા બાદ આરોપી તેમની વિરુધ્ધ ચાલી રહેલ હાલની ફરિયાદ વિશે માહિતગાર હોવા છતાં પોતે પોતાનું વિશેષ નિવેદન તથા બચાવ રજુ કરવા માટે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોય તેમનો વિશેષ નિવેદન આપવા માટેનો હકક જતો કરવામાં આવે લ છે. હાલના કામે આરોપી પક્ષનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓ નિર્દોષ હોવાનુતથા તેઓ પર ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલછે તથા તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે વી. વ. શ્રીની મૌખિક દલીલો સંભાળી. જેમાં તેમણે આંક–1 થી રજૂ થયેલ ફરિયાદની વિગતોનું પુનરાવર્તન કરેલ છે. હાલના કામે ફરિયાદીએ સોગંદનામું રજુ રાખેલ છે જે ધ્યાને લેતા પણ આરોપીએ ફરિયાદીને આપેલ ચેક વસુલ થયા વિના પરત ફરેલ છે જેથી ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો પુરવાર થાય છે તેમજ આરોપી તર્ફે ફરિયાદીની કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા પણ ફરિયાદમાં જણાવેલ હકિકતનું ખંડન કરતો કોઈ પુરાવો બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેમજ આરોપીએ તેમના સ્ટેટમેન્ટમાં ખોટો બચાવો કરેલ છે તેમજ આ કામે આરોપીએ ફરિયાદીને ચેક લખી આપી તેમાં સહી હોવાનું પુરવાર થયેલ છે તેમજ ચેક વસુલ થયા વીના પરત ફરેલ છે તેથી આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામા સખ્ત સજા કરવા તથા ફરિયાદીને ચેકની રકમનું વળતર અપાવવા નમ્ર અરજ છે.

(૪.૧) આરોપીના વિ.વ.શ્રી તરફે કોઇ દલીલ કરવામાં આવેલ નથી.

(૫) ઉપરોકત હકીકતો તથા તમામ પુરાવાઓ ધ્યાને લેતાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે:–

**:: મુદા ::**

| | |
|---|---|
| ૧ | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદી પાસેથી લીધેલ રકમ પૈકી રુ.૧૦,૦૦,૦૦૦/– કાયદેસરના લેણા પેટે આપેલ ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ? |
| ૨ | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદાના નિર્ણયો હવે પછી જણાવેલ કારણો નીચે મુજબ છે:–

૧ હકારમાં

૬ આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે:

**:: કારણો ::**

**<u>મુદા નં. ૧ થી ૬:–</u>**

આ તમામ મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનું પુનરાવર્તન અટકાવવાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**<u>કાયદાકીય જોગવાઈ અને ધારણાઓ</u>**

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ મૌખીક દલીલો તથા ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલાં ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો નીચે મુજબ છે–

- ➔ આરોપીએ તેમના ધ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ હતો.
- ➔ આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.
- ➔ ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૬ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.
- ➔ સદર ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ હતો.
- ➔ ચેક પરત થયાની માહીતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી.
- ➔ આરોપીને નોટીસ મળી ગયેલ હોવાં છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં અદાલતે, કલમ–૧૧૮ અને ૧૩૯ અન્વયે ચેકને લગતા અનુમાનો

કરવાના રહેશે. હવે સૌ પ્રથમ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮ ધ્યાને લઈએ તો :

– કલમ ૧૧૮ – વટાઉખત વિશે માની લેવાની બાબત :

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદતલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ) તારીખ વિશે:–

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું.

(ગ) સ્વીકારવાના સમય વિશેઃ

સ્વીકારાયેલું દરેક વિનીમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતું.

(ઘ) તબદીલીના સમય વિશેઃ

કોઈ વટાવખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) શેરાઓના ક્રમ વિશેઃ

કોઈ વટાવખત ઉપર કરેલ હોવાનુ જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

(છ) સ્ટેમ્પ વિશેઃ

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો. ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવાવિશેઃ

કોઈ વટાવખત ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

કલમ ૧૩૯– ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાનઃ

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો તેવું અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

**<u>પુરાવાનો બોજો</u>**

(૯) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો અને ઊભય પક્ષકારો તરફથી કરવામાં આવેલ દલીલની ચર્ચા કરીએ તે પહેલા પુરાવાના બોજા અંગેની ચર્ચા કરવી જરૂરી જણાય છે. સીમાચિન્હ ના. સુપ્રિમ કોર્ટના સંખ્યાબંધ ચુકાદાથી એ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે જયારે આરોપીએ ચેક ફરીયાદીની તરફેણમાં આપેલ હોવાનું પુરવાર થતું હોય તેવા સંજોગોમાં ચેક કાયદેસરના લેણાં પેટે કે જવાબદારી પેટે આપેલ હોવાનું અદાલતે અનુમાન કરવાનું રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયે ધારકની તરફેણમાં અનુમાન કરવામાં આવે છે.

અલબત્ત આ અનુમાન ખંડનાત્મક હોય છે અને આરોપીએ તે ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ ન હોવાનો બચાવ લઈ શકશે. વિવિધ ઘણા બધા ચુકાદાઓ ધ્વારા પ્રસ્થાપિત થયેલ છે કે આરોપીએ પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંતના આધારે પુરવાર કરવાનો હોય છે. વધુમાં આરોપીએ પોતાનો બચાવ રજુ કરવા માટે વીટનેસ બોકસમાં પણ આવવું જરુરી નથી. એટલે કે આરોપીએ પોતાનો બચાવ નિશંકપણે પુરવાર કરવાનો હોતો નથી, પરંતુ ચેકના ધારકની તરફેણમાં કરવામાં આવતાં કલમ–૧૩૯ ના અનુમાનમાં માત્ર શંકા ઉપસ્થિત કરવાની હોય છે અને આરોપી જો આવી શંકા ઉપસ્થિત કરવામાં સફળ થાય તો જ ત્યારબાદ તે અંગેનો બોજો ફરીયાદીના શીર પર શીફ્ટ થાય છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવાનો હોય છે. આમ, ઉપરોકત પુરાવાના સિધ્ધાંતને ધ્યાને રાખીને ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપીપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપી ધ્વારા લેવામાં આવેલ બચાવનું મુલ્યાંકન અત્રેની અદાલતે કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજુ રાખેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ રજુ કરેલ બચાવ આ તમામ દસ્તાવેજી તથા મૌખીક પુરાવાઓને સોનાના ત્રાજવામાં(ગોલ્ડન સ્કેલ) ઉપર મુલવણી કરવી જરૂરી છે. તેમજ ન્યાયશાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાના મુલ્યાંકનને વ્યાખ્યાતીત કરવામાં આવેલ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું અને આરોપી સંભવિત બચાવ રેકર્ડ પર લાવી શકેલ છે કે કેમ તે દરેક

કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી " સાબીત " અને " નાસાબીત" ની વ્યાખ્યા ઉપર આધારીત છે. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય અને તે જોવામાં આવે તો અદાલત સમક્ષ જે બાબતો ઉપરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ કે જે તે સંજોગોમાં જે હકીકતનું અસ્તીત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબીત થયેલી ગણાય અને અદાલત એક હકીકતનું અસ્તીત્વ માને અથવા એટલી હદે અસ્તીત્વ સંભવિત માને કે એક સમજદાર વ્યક્તિ જે તે સંજોગોમાં તેવું અસ્તીત્વ છે તેવી ધારણાથી વર્તે અલબત્ત ગણીત જેવી ચોક્કસતા અને ચુસ્તતાનો આગ્રહ અનઉપેક્ષીત છે.

**માર્ગદર્શક ચુકાદાઓ**

(૧૦) હાલના કામે ફરીયાદપક્ષ કાયદેસરનું લેણું સાબિત કરી શકેલ છે કે નહી તેની ચર્ચા કરતા અગાઉ, નીચે મુજબના ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા આવશ્યક છે.

➔ નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા **રંગપ્પા વિ. શ્રી મોહન 2010 (1) DCR 706** કેસમાં નોંધવામાં આવ્યું કે, કલમ ૧૩૯ પૈકીનું અનુમાન 'રીવર્સ ઓનાસ કલોસ'નું ઉદાહરણ રૂપ છે, અને તેથી ફરિયાદીની તરફેણમાં આવું અનુમાન શરૂઆતથી જ રહેલું છે. પરંતુ, સદર અનુમાનોનું ખંડન કરવા માટે આરોપી દ્વારા વાદગ્રસ્ત ચેક બાકી લેણા પેટે આપેલ હોવા અંગેની હકીકતો પર શંકા ઉભી કર્યેથી, ફરિયાદીપક્ષની તરફેણમાં રહેલ અનુમાનો નિરર્થક નીવડે છે. વધુમાં, આવું પણ જણાવેલું છે કે, કાયદાકીય અનુંમાનોનું ખંડન કરવા માટે આરોપીએ 'પ્રોબેબેલ ડીફેન્સ' રજુ કરવાનો રહે છે. અને સદર બચાવમાં રજુ થયેલા પુરવાઓનું મૂલ્યાંકન 'પ્રીપોન્ડેરન્સ ઓફ પ્રોબાબીલીટી' ના સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને કરવાનું રહે છે –

> 14. In light of these extracts, we are in agreement with the respondent-claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a

rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused/defendant cannot be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

➔ નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા **રોહિતભાઈ જીવનલાલ પટેલ વિ. ગુજરાત રાજ્ય 2019 INSC 393** ના કેસમાં નોંધવામાં આવ્યું કે, જયારે કલમ ૧૩૮માં જણાવેલ મજકુરો, ફરિયાદપક્ષ દ્વારા પૂરતા પુરાવાઓ રજુ કરીને સાબિત કર્યેથી, કાયદાની કલમ ૧૧૮ અને ૧૩૯માં જણાવેલ અનુમાનો અસ્તિત્વમાં આવે છે અને વાદગ્રસ્ત ચેક આરોપીના બાકી લેણા પેટે આપવામાં આવેલ હતો, તે અંગેનું અનુમાન કરવાનું રહે છે. આવું કાયદાકીય અનુમાન ખંડનાત્મક છે, અને જેનું ખંડન કરવાનું ભારણ આરોપીના શિરે રહેલું છે.

> “14.So far the question of existence of basic ingredients for drawing of presumption under Sections 118 and 139 the NI Act is concerned, apparent it is that the accused-appellant could not deny his signature on the cheques in question that had been drawn in favour of the complainant on a bank account maintained by the accused for a sum of Rs. 3 lakhs each. The said cheques were presented to the Bank concerned within the period of their validity and were returned unpaid for the reason of either the balance being insufficient or the account being closed. <u>All the basic ingredients of Section 138 as also of Sections 118 and 139 are apparent on the face of the record. The Trial Court had also consciously taken note of these facts and had drawn the requisite presumption. Therefore, it is required to be presumed that the cheques in question were drawn for consideration and the holder of the cheques i.e., the complainant received the same in discharge of an existing debt.</u> The onus, therefore, shifts on the accused-appellant to establish a probable defence so as to rebut such a presumption.”

વધુમાં, નામદાર કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યું કે, લગાડવામાં આવેલ આરોપોનું ફક્ત ઈન્કાર કરવાથી, કલમ ૧૧૮ અને ૧૩૯ માં જણાવવામાં આવેલ આરોપી સામેના અનુમાનોનું ખંડન થતું નથી.

> “16. On the aspects relating to preponderance of probabilities, the accused has to bring on record

such facts and such circumstances which may lead the Court to conclude either that the consideration did not exist or that its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea that the consideration did not exist. This Court has, time and again, emphasized that though there may not be sufficient negative evidence which could be brought on record by the accused to discharge his burden, yet mere denial would not fulfil the requirements of rebuttal as envisaged under Section 118 and 139 of the NI Act. This court stated the principles in the case of Kumar Exports (AIR 2009 SC 1518, Para 11) (supra) as follows…"

## હકીકતોનું આકલન તથા પુરવાનું મૂલ્યાંકન

**(૧૧)** હાલના કામે સમગ્ર ટ્રાયલ દરમ્યાનની કાર્યવાહી ધ્યાને લેવામાં આવે તો ફરિયાદી દવારા હાલની ફરિયાદ દાખલ કરાયા બાદ આરોપી વિરુધ્ધ પ્રોસેસ કાઢવામાં આવતાં મજકુર તેમના વિ.વ.શ્રી સાથે તા. ૨૬/૦૪/૨૩ ના રોજ હાજર થયેલ છે અને અત્રેની કોર્ટ દવારા આંક-૧૭ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં તેમણે હાલનો ગુનો કબુલ ન હોવાનું અને કેસ આગળ ચલાવવા માગતા હોવાનું જણાવેલ છે. વધુમાં , સદરહુ તારીખે આરોપી દવારા તેઓની સહી સાથેની આંક-૧૮ વાળી સમાધાન પુરશીશ રજુ રાખેલ છે જેમાં તેઓએ જાહેર કરેલ છે કે, ''આ કામે અમો પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થયેલ છે અને અમો આરોપી લેણા પેટેની રકમ રુ.૩૮,૦૦,૦૦૦/- અંકે રુપીયા આડત્રીસ લાખ પુરા ચાલુ કામે ત્રણ થી ચાર હપ્તામાં ભરપાઇ કરી આપીશું .'' ત્યાર બાદ, આરોપી ટ્રાયલ દરમ્યાન ગેરહાજર રહેલ હોય અને તેઓની ગેરહાજરી સબબ કોઇ રિપોર્ટ કે રજુઆત ન હોવાથી અત્રેની કોર્ટ દવારા આરોપી વિરુધ્ધ વોરન્ટ ઇસ્યુ થતા તા.૦૧/૧૧/૨૩ ના રોજ આરોપી દવારા સદરહુ વોરન્ટ રદ કરાવવા માટે આંક-૨૮ વાળી અરજી કરેલ અને તે અનુસંધાને મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી દવારા બંને પક્ષ્કારોને સાંભળી તેમજ રેકર્ડ ધ્યાને લઇ સદરહુ વોરન્ટ રદ કરવા માટેની અરજી નામંજુર

કરતા આરોપીને અત્રેની કોર્ટની કસ્ટડીમાં લેવામાં આવેલ ત્યાર બાદ આરોપી દવારા ફો.પ.અ.નં.૮૮૧/૨૦૨૩ થી જામીન અરજી રજુ કરવામાં આવતાં મારા પુરોગામીન્યાયાધીશ શ્રી દવારા તા.૧૦/૧૧/૨૩ ના રોજ આરોપીને રુ.૧૫,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી જામીન મુકત કરવામાં આવેલ. ત્યાર બાદ, તા.૨૬/૦૪/૨૪ ના રોજ બચાવ પક્ષ દવારા ફરિયાદીને આંક-૦૪ થી રજુ થયેલ પુરાવાના સોગંદનામા તળે ઉલટ તપાસ લેવામાં આવેલ અને ફરિયાદ પક્ષ દવારા આંક-૪૧ થી તેમના તરફે પુરતો પુરાવો રજુ થઇ ગયેલ હોવાનું અને કોઇ વિશેષ પુરાવો રજુ કરવા માગતા ન હોવાનું જાહેર કરતી કલોઝીગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલનું કામ ત્યાર બાદ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ હોવા છતાં આરોપી જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર ન થયેલ હોવાથી હાલનું કામ લાંબા સમય સુધી આરોપીની હાજરી સુનિશ્ચીત કરવા માટે વોરન્ટના સ્ટેજ પર રહેલ હોય તેમ છતાં આરોપીની હાજરી સુનીશ્ચીત ન થયેલ હોવાથી ફરિયાદ પક્ષ દવારા તા.૧૦/૦૭/૨૫ ના રોજ આંક-૪૮ થી આરોપીને ફરાર જાહેર કરતું સી.આર.પી.સી.ની કલમ ૮૨ મુજબનું જાહેરનામું બહાર પાડવા અરજી રજુ થતાં અત્રેની કોર્ટ દવારા સદરહુ અરજી મંજુર કરવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ કલમ ૮૨ ના મજકુરોને ધ્યાને રાખતા કલમ ૮૨ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનો હુકમ કરવામાં આવેલ હોવા છતાં આરોપીની હાજરી સુનિશ્ચીત થવા પામેલ ન હોય ફરિયાદ પક્ષ દવારા આંક-૫૨ થી આરોપીનો વિશેષ નિવેદનનો હકક જતો કરવા સબબ અરજી રજુ થતાં અત્રેની કોર્ટ દવારા સદરહુ અરજી તળે વિગતવાર હુકમ કર્યા બાદ આરોપી તેમની વિરુધ્ધ ચાલી રહેલ હાલની ફરિયાદ વિશે માહિતગાર હોવા છતાં પોતે પોતાનું વિશેષ નિવેદન તથા બચાવ રજુ કરવા માટે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોય તેમનો વિશેષ નિવેદન આપવા માટેનો હકક જતો કરવામાં આવે લ છે. જેથી હાલના કામે આરોપી તરફે કોઇ બચાવનો પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ આખરી દલીલ પણ રજુ કરવામાં આવેલ નથી.

(૧૧.૧) ઉપરોકત સંજોગોમાં બચાવ પક્ષ દવારા ફરિયાદીની આંક-૦૪ થી રજુ થયેલ પુરાવાના સોગંદનામા તળેની ઉલટ તપાસ સિવાય અન્ય કોઇ પુરાવો રજુ થયેલ નથી. ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અંગેનું સૌપ્રથમ આવશ્યક તત્વ એ છે કે, વાદગ્રસ્ત ચેક કાયદેસરનું દેવું કે જવાબદારી, પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપવામાં આવ્યો હોવા જોઇએ જે હકીકત પુરવાર કરવા માટે સાબિતનો પ્રારંભીક બોજો ફરિયાદ પક્ષ પર રહેલ છે. જે

બોજાનું ફરિયાદી વહન કરે કે તુરત જ કાયદાની કલમ ૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર એટલે કે હાલના ફરિયાદીની તરફેણમાં તેમજ ચેક આપનાર એટલે કે હાલના તહોમતદારની વિરુધ્ધમાં કાયદાકીય અનુમાન કરવાનું રહે છે. જે મુજબ વાદગ્રસ્ત કાયદેસરના દેવા કે જવાબદારી સંપુર્ણત: અથવા તો અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે. સદરહુ અનુમાન કાયદાકીય અનુમાન છે અને તે ખંડનાત્મક સ્વરુપનું છે અને સદરહુ અનુમાનનું ખંડન કરવાનો સંપુર્ણ બોજો આરોપીના શીરે રહેલ છે.વળી સદર ખંનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઇ સીધો કે પ્રત્યક્ષ પુરાવો રજુ થવો જ જોઇએ તેવું જરુરી નથી, તહોમતદાર કેસના રેકર્ડ ઉપર એવા સંજોગોથી પુરવાર કરી શકે કે જેનાથી વાદગ્રસ્ત ચેક કોઇ કાયદેસરના દેવા માટે આપેલ  ન હોવાની સંભાવના ખુબ જ પ્રબળ જણાઈ આવે તેણી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય. જેથી હાલના કામે બચાવ પક્ષ દવારા કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ ન હોવા છતાં આંક–૦૪ તળે ફરિયાદીની ઉલટ તપાસ દવારા પણ બચાવ પક્ષ સદર અનુમાનનું ખંડન કરી શકે.

(૧૨) આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા ફરિયાદી સહજાનંદ વિજયના નામે ચાલતે પ્રોપરાઈટરી પેઢીના પ્રોપરાઈટર દરજજે હરજી કરશન ગોરસીયાનાઓએ તેઓનું સરતપાસનું સોગંદનમું આંક–૦૪ થી રજુ કરેલ છે જેમાં તેઓએ ફરિયાદમાં જણાવેલ હકીકતો જણાવેલ છે તથા આંક–૪૧ થી આંક–૪૫ વાળા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ફરિયાદીએ આંક–૦૪ ના સરતપાસના સોગંદનામામાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામના ફરિયાદી સેન્ટ્રીગનો માલસામાન ભાડે આપવાના વ્યવસાય સાથે સંકળાયેલ છે જયારે આરોપી કન્સ્ટ્રકશનના કામ સાથે સંકળાયેલ હોય ફરિયાદી પાસેથી સેન્ટ્રીંગનો માલસામાન ભાડે લીધેલ અને જે પેટે આરોપી પર ફરિયાદીના રુપીયા ૫૧,૦૦,૭૪૨/– અંકે રુપીાચ એકાવન લાખ સાતસો બેતાલીસ પુરાની રકમ લેણી નીકળે છે. વધુમાં ફરિયાદીએ જણાવેલ છે કે, આરોપીએ ભાડે લીધેલ માલસામાન પણ તેઓને પરત આપેલ નથી. જે માલની કિંમત પેટે રુ.૭,૪૪,૪૩૦/– અંકે રુપીયા  સાત લાખ ચુમાલીસ હજાર ચારસો ત્રીસ પુરાની રકમ પણ લેણી નીકળતી હોય, ફરિયાદીના આરોપી પર કુલ્લ રુ.૫૮,૪૫,૧૭૨/– અંકે રુપીયા અઠાવન લાખ પીસતાળીસ હજાર એકસો બૌતેર

પુરાની રકમ લેણી નીકળે છે. સદરહુ લેણી રકમની માંગણી કરતા આરોપીએ રૂ.૧૦,૦૦,૦૦૦/– અંકે રુપીયા દશ લાખ પુરાનો આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક, ડોમ્બીવલી શાખાનો ચેક નં.૦૦૧૦૧૦ વાળો તા.૧૬/૦૨/૨૦૨૨ ના રોજ આરોપીની સહી સાથે લખી આપેલ. જે અસલ ચેક ફરિયાદ પક્ષ દવારા હાલના કામે **આંક–૪૧** થી રજુ રાખેલ છે. વધુમાં જણાવેલ છે કે, સદરહુ ચેક ફરિયાદી દવારા પોતે જે બેન્ક ખાતામાં ખાતું ધરાવે છે તેવી કોટક મહિન્દ્રા બેન્ક ભુજ–કચ્છની શાખામાં જમા કરાવતાં સદરહુ ચેક તા.૧૮/૦૬/૨૨ ના રોજ ''ફન્ડ ઈનસફીશીયન્ટ''ના શેરા સાથે ચુકવણુ થયા વગર પરત ફરેલ છે. જે ચેક પરત કર્યા અંગેનો અસલ રીર્ટન મેમો **આંક–૪૨** થી રજુ રાખેલ છે. આ કામના આરોપીનો ''ફન્ડ ઈનસફીશીયન્ટ''ના શેરાથી પરત ફરતા ફરિયાદીએ લેણી રકમની વસુલાત માટે તેમના વકીલશ્રી મારફતે રજી. એડી. થી તા.૦૫/૦૭/૨૨ ના રોજ નોટીસ કરેલ. જે નોટિસની સ્થળપ્રત હાલના કામે **આંક–૪૩** થી રજુ રાખેલ છે. તેમજ સદરહુ નોટીસ આરોપીને બજીને પરત આવેલ છે જે અનુસંધાને **આંક–૪૪** થી નોટિસ મોકલ્યા અંગેની પોસ્ટ ખાતાની અસલ સફેદ પાવતી તથા **આંક–૪૫** થી સદરહુ નોટિસ બજી ગયા અંગેનું પોસ્ટ ખાતાનું અસલ એકનોલેજમેન્ટ રજુ રાખેલ છે.

(૧૨.૧) આ કામના આરોપીએ હાલના ફીરયાદીની ચેક મુજબની લેણી રકમ ચુકવવા કોઈ દરકાર કરેલ ન હોય આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય હાલની ફરિયાદ દાખલ કરેલછે. વધુમાં જણાવેલ છે કે, આ કામના આરોપી દવારા હાલના ફરિયાદીની લેણી રકમ ચુકવવી ન પડે તે હેતુથી ઈરાદાપુર્વક અપુરતા નાણા ભંડોળ વાળો ચેક આપેલ અને તે રીતે આરોપીએ હાલના ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કરેલ છે. આમ, આરોપીએ ફરિયાદીને ચેક લખી આપ્યા બાદ પોતાના ખાતામાં પુરતુ ભંડોળ નહી રાખી ધી નેગો.ઈન્સ્ટ્રુ. એકટ ૧૩૮ ની જોગવાઈ મુજબ ગુનાહિત કૃત્ય કરેલ છે. તેઓએ આંક–૦૧ ની ફીરયાદ કરેલ છે. આમ, ફરિયાદીની જુબાનીથી આંક–૦૧ ની ફરિયાદ હકીકતને સમર્થન મળે છે.

(૧૨.૨) આમ, સદર ફરિયાદીની જુબાની ઘ્યાને લેતાં તેઓએ તેમની ફરિયાદને અનુરુપ પુરાવો આપેલ છે. આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ સાહેદાનો પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઘ્યાને લઈએ તો આંક–૪૧ ના ચેક ના મથાળે તા.૧૬/૦૬/૨૨ લખેલ છે અને આ ચેક ફરિયાદીની બેંકમાં જમા કરવાતાં તા.૧૮/૦૬/૨૨ ના રોજ ફરિયાદીની બેન્ક દવારા વાદગ્રસ્ત ચેક ''ફન્ડ ઈનસફીશીયન્ટ'' ના શેરાથી પરત ફરેલ હોવા બાબતે આંક– ૪૨ વાળો અસલ રીર્ટન મેમો રજુ છે. આમ આંક–૪૧ અને આંક–૪૨ વાળા દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતાં હાલનો ચેક ઈસ્યુ થયાની તારીખથી ત્રણ માસમા જમા કરાવવામાં આવેલ હોવાનું અને ''ફન્ડ ઈનસફીશીયન્ટ'' ના શેરાથી પરત આવેલ હોવાનું પુરવાર થાય છે. તેમજ ચેક રીર્ટન થયાની તારીખથી ફરિયાદીને ત્રીસ દિવસની અંદર આંક–૪૪ ની ડિમાન્ડ નૉટિસ આપેલ છે. જેથી ફરિયાદીએ સમય મર્યાદામાં નોટિસ આપેલ હોવાની હકીકત પુરવાર થાય છે. તે જ રીતે આંક–૪૫ વાળી પોસ્ટની એકનોલેજમેન્ટ ઘ્યાને લેતાં આરોપીને સદરહુ નોટીસ બજી ગયેલ છે .ત્યાર બાદ તા.૦૧/૦૮/૨૨ ના રોજ હાલની ફરિયાદ દાખલ કરેલ છે. જે સમય મર્યાદાની અંદર દાખલ કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. આમ, કાયદાની જોગવાઈઓ અનુસાર ફરિયાદીએ સમયમર્યાદામાં આરોપીને નોટિસ આપેલ છે અને જે નોટિસ બજી જતા આરોપીએ ફરિયાદીને નાણા ચુકવેલ નથી જેથી ફરિયાદીએ સમય મર્યાદામાં હાલની ફરિયાદ દાખલ કરેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૩) આમ, ઉપરોકત હકીકતો ઘ્યાને લેતાં ફરિયાદ પક્ષે હાલનો ચેક સમય મર્યાદામાં બેંકમાં દાખલ કરેલ છે તેમજ સમય મર્યાદામાં નોટિસ આપેલ છે અને સમય મર્યાદામાં ફરિયાદ કરેલ છે તે હકીકત પુરવાર થાય છે પરંતુ સાથે સાથે ફરિયાદ પક્ષે સૌથી અગત્યનો હાલનો ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ છે તે પુરવાર કરવાનું રહે છે. આ માટે ફરિયાદ પક્ષના પુરાવાઓની ઝીણવટપુર્વક સમીક્ષા કરવી આવશ્યક છે. આથી ફરિયાદી તથા

આરોપીના પુરાવાઓનું કાયદાની જોગવાઈઓ અનુસાર મુલ્યાંકન કરવાનું રહે છે.

(૧૪) ફરિયાદ પક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં આ કામે ફરિયાદી હરજી કરશન ગોરસીયાએ હાલની ફરિયાદ તા.૦૧/૦૮/૨૨ ના રોજ દાખલ કરેલ છે અને તે સબબ ફરિયાદીએ આંક–૦૪ થી પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે જે તળે બચાવ પક્ષ દવારા ફરિયાદીની ઉલટ તપાસ લેવામાં આવેલ છે જેમાં ફરિયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હાલના કામે તેઓએ કોઈ હિસાબ કીતાબના ચોપડાઓ, ઈન્કમટેક્ષ રીર્ટન અંગેના દસ્તાવેજ તથા સહજાનંદ વીજય પ્રોપરાઈટર તરીકેના માલીકી અંગેના આધાર પુરાવા રજુ કરેલ નથી. પરંતુ સદરહુ ઉલટ તપાસમાં બચાવ પક્ષ દવારા ફરિયાદીને ખંડનાત્મક સ્વરુપે બે પ્રશ્નો પુછવામાં આવેલ છે જે નીચે મુજબ છે –

> '' એ વાત ખરી નથી કે, આરોપીએ અમોને પુરેપુરી રકમ ચુકવી આપેલ છે તેમ છતાં સીકયુરીટીમાં રહેલ ચેકનો દુરુપયોગ કરેલ છે. '' તેમજ '' એ વાત ખરી નથી કે, અમારો કાયદેસરનું કોઈ લેણું આરોપી પર બાકી રહેતું ન હોય માત્રને માત્ર સીકયુરીટી પેટે રહેલા ચેકનો દુરુપયોગ કરી ખોટી રીતના નાણાં પડાવા માટે હાલની આ ખોટી ફરિયાદ કરેલ છે. ''

(૧૪.૧) ઉપરોકત પ્રશ્ન પરથી બચાવ પક્ષ દવારા પરોક્ષ રીતે આરોપીએ ફરિયાદીને વાદગ્રસ્ત ચેક આપ્યા સબંધે તેમજ આરોપીએ ફરિયાદમાં જણાવ્યા મુજબ બાકી લેણાં પેટેની પુરેપુરી રકમ ચુકવી દીધેલ હોવા અંગેની સ્વીકૃતીઓ પરથી કલા ૧૩૮ મુજબ આરોપીએ ફરિયાદીને બાકી લેણાં પેટે વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે.તે સંજોગોમાં ફરિયાદ પક્ષ દવારા હિસાબ કીતાબના ચોપડાઓ, ઈન્કમટેક્ષ રીર્ટન અંગેના દસ્તાવેજ તથા સહજાનંદ વીજય પ્રોપરાઈટર તરીકેના માલીકી અંગેના આધાર પુરાવા રજુ કરેલ ન હોવા બાબતેની સ્વીકૃતી ફરિયાદ પક્ષને નડતર રુપ ગણી શકાય નહી. વધુમાં, અગાઉ ચર્ચા કર્યા મુજબ આ કામે આરોપી અત્રેની કોર્ટ સમક્ષ પ્રથમ વખત તેઓના વિ.વ.શ્રી સાથે તા.૨૬/૦૪/૨૩ ના રોજ હાજર થયેલ અને આંક–૧૮થી

આરોપીની સહી વાળી સમાધાન પુરશીશ રજુ રાખેલ છે જેમાં તેઓએ લેણાં પેટેની રકમ ચાલતા કામે ત્રણ થી ચાર હપ્તામાં ભરપાઇ કરી આપશે તેવી સ્વીકૃતી પણ આપેલ છે. જેથી, આ કાયદાની કલમ ૧૩૯ મુજબનું અનુમાન અસ્તિત્વમાં આવતાં , વાદગ્રસ્ત ચેક આરોપી દવારા સીકયુરીટી પેટે આપેલ હોવા અંગેનો તથા ફરિયાદમાં જણાવેલ વ્યવહાર મુજબની પુરેપુરી રકમ ફરિયાદીને પરત આપી દીધેલ હોવા અંગેનો પુરાવો રજુ કરવાની જવાબદારી બચાવ પક્ષના શીરે રહેલી છે

(૧૫) ધી નેગો. ઈસ્ન્ટ્ર. એકટની કલમ ૧૩૯ માં જણાવેલ અનુમાનોનું ખંડન કરવા માટે અગાઉ ચર્ચા કર્યા મુજબ સદર ખંનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઇ સીધો કે પ્રત્યક્ષ પુરાવો રજુ થવો જ જોઇએ તેવું જરુરી નથી, તહોમતદાર કેસના રેકર્ડ ઉપર એવા સંજોગોથી પુરવાર કરી શકે કે જેનાથી વાદગ્રસ્ત ચેક કોઇ કાયદેસરના દેવા માટે આપેલ ન હોવાની સંભાવના ખુબ જ પ્રબળ જણાઇ આવે તેણી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય. પરંતુ નામ. સુપ્રીમકોર્ટ દ્વારા રોહીત જીવણલાલ પટેલ વિ. ગુજરાત રાજ્યના ચુકાદામાં ઠરાવ્યા મુજબ હકીકતોનો માત્ર ઈનકાર કર્યાથી કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનોનુ ખંડન થયેલ હોવાનુ માની શકાય નહી તે સંજોગોમાં આરોપી દ્વારા આંક–૦૪ તળે ફરિયાદીની ઉલટ તપાસમાં લીધેલ વાદગ્રસ્ત ચેક સીકયુરીટી પેટે આપેલ હોવા બાબતે અને ફરિયાદમાં જણાવેલ વ્યવહાર પેટે પુરેપુરી રકમ ફરિયાદીને ચુકવી આપેલ હોવા અંગેનો બચાવ પુરવાર કરવા માટે કોઈ પુરાવો રજુ કરેલ ન હોવાથી સદર બચાવ ગ્રાહ્ય રાખી શકાય નહી.

(૧૬) આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં ફરિયાદીના લેણા પેટે આરોપીએ ચેક આપેલ હોવાની અને તેવો ચેક આરોપીના ખાતામાં ફન્ડ ઈન્સફીશીયન્ટના કારણે પરત ફરેલ હોવાની હકીકતો ફરિયાદ પક્ષે નિ:શં કપણે પુરવાર કરેલ હોય જેથી આ કામે મુદા નં.૧નો નિર્ણય હકારમાં આપી અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના માટે ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) તકસીરવાન ઠરાવવામાં આવે છે અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

તા. ૦૮/૦૪/૨૦૨૬ **(બી.એન.ત્રિવેદી)**
ભુજ–કચ્છ અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ(ફ.ક)
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૭૬૩

**સજા અંગે સાંભળવા**

(૧૭) ફરીયાદી તર્ફે વિ.વ.શ્રીની રજુઆત છે કે આરોપીને કાયદા મુજબ મહત્તમ સજા ફરમાવી, ચેકની રકમથી બમણી રકમનુ વળતર ફરીયાદીને અપાવવા માટે રજુઆત કરેલ છે. આરોપીને કોઈ દયા ભાવ ન રાખવા અરજ કરેલ છે.જયારે બચાવ પક્ષ તરફે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી અને અગાઉ ચર્ચા કર્યા મુજબ ચાલતા કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ–૮૨ મુજબ જાહેરનામું પ્રસિધ્ધ થયેલ હોવા છતાં આરોપીની હાજરી સુનીશ્ચીત થયેલ નથી.

(૧૯) સાંભળ્યા, ફરીયાદીના વિ.વ.શ્રીની રજુઆત તથા રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં હાલના આરોપી વિરૂધ્ધ વટાઉખત અધિનિયમ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે. વધુમાં, સમાજમાં લોકોને બેંકીંગ ક્ષેત્રના વ્યવહારો ઉપર તેમજ પરસ્પરના નાણાંકીય વ્યવહારો ઉપર વિશ્વાસ ટકી રહે અને વટાઉખતને લગતા આ પ્રકારના ગુના થતા અટકે તેવા હેતુસર સદર કાયદામાં વિધાનમંડળ દ્બારા સુધારો કરી નવી જોગવાઈ ઉમેરવામાં આવેલ છે. આ પ્રકારના ગુના ઈરાદા વિના કરવામાં આવેલ હોય તેમ માની શકાય નહી કારણ કે વટાઉખતના કેસોમાં ફરીયાદ દાખલ કરતા પહેલા આરોપીને નોટિશ આપી તક આપવામાં આવે છે.વિશેષમાં, આ પ્રકારના નાણાંકીય ગુનામાં પ્રોબેશનનો લાભ આપવાનુ પણ ન્યાયોચિત જણાતુ નથી. વધુમાં, વટાઉખત અધિનિયમમાં આરોપીને સજા અને દંડ કરવાની જોગવાઇ છે સાથે ના સર્વોચ્ચ અદાલતે વટાઉ ખત અધિનિયમના કેસમાં ફરીયાદીને વળતર આપવાનો હુકમ પણ કરવો જરુરી છે તેમ અનેક ચુકાદામાં અવલોકન કરેલ છે. જેથી, આ કામે ફરીયાદીએ આરોપી વિરુદ્ધનો ગુનો પુરવાર કરેલ છે અને તેથી જો ફરીયાદીને વળતર ચુકવવામાં ન આવે તો કાયદા મુજબ ફરીયાદીને વળતર ચુકવવાનો ઉદ્દેશ પરીપર્ણ થાય નહી. જે તમામ સંજોગોમાં આ કામે આરોપીને તકસીરવાન ઠરાવી સજા કરવાનું તેમજ ફરીયાદીને

વળતર ચુકવવાનો હુકમ કરવાનુ ન્યાયોચિત જણાતુ હોય મુદ્દા નં.૬ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) નાં પ્રબધો અનુસાર આ કામનાં આરોપી **આનંદભાઇ જોષી તે વી ફોર યુ–ઇમ્પેક્ષના ઓથોરાઇઝ સીગ્રેટરી** રહે: દુરવાન્કુર બંગલો, ૧૪–એ, રિઝન્સી એસ્ટેટ, ડોમ્બીવલી (ઇ), મુંબઇ, મહારાષ્ટ્ર, પીન ૪૨૧ ૨૦૩ વાળા ને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનાં ગુન્હામાં દોષીત ઠરાવવામા આવે છે. અને સદર ગુનામાં આરોપીને ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીને રૂા.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ લાખ પુરા) નો દંડ કરવામાં આવે છે અને સદરહુ રકમ ફરીયાદીને વળતર સ્વરુપે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી આજરોજ હાજર રહેલા ન હોય, આરોપી વિરૂધ્ધ સજા વોરંટ ઈસ્યુ કરવુ.

૪. આરોપી હાજર થયેથી અથવા હાજર કરવામાં આવ્યેથી હુકમની એક નકલ આરોપીને ફોજદારી કાર્યવાહીના કાયદાની કલમ:૩૬૩ અન્વયે વિનામૂલ્યે પુરી પાડવી.

આજરોજ **તા: ૦૪ માહે: ફેબ્રુઆરી સને:૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી,મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૮/૦૪/૨૦૨૬
ભુજ–કચ્છ

**(બી.એન.ત્રિવેદી)**
અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ(ફ.ક)
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૭૬૩